# ૧૯ ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોએ પોતાની બેઠકો ઓછી કરવા માટે પ્રવેશ સમિતિ સમક્ષ દરખાસ્ત કરી

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યની ૧૯ જેટલી ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોએ પોતાની બેઠકો ઓછી કરવા માટે પ્રવેશ સમિતિ સમક્ષ દરખાસ્ત કરી દીધી છે. આ ઉપરાંત બે સરકારી પોલિટેકનિકમાં બેઠકો ઘટડવામાં આવી છે. જયારે ત્રણ કોલેજો બંધ કરવા માટેની દરખાસ્ત પ્રવેશ સમિતિને મળી ચૂકી છે. આમ, આ વખતે કુલ ૬૬૭૧૫ બેઠકોમાં અંદાજે ૧૬૦૦થી વધારે બેઠકોનો ઘટાડો થાય તેમ છે. હજુ આગામી દિવસોમાં આ આંકડો મોટો થાય તેવી પણ શકયતાં છે. કાઉન્સિલ દ્વારા ૩૦ ટકાથી ઓછી બેઠકો ભરાતી હોય તેવી કોલેજો સામે તવાઈ લાવવાની જાહેરાત કરતાની સાથે જ કોલેજ સંચાલકોએ સામેથી પોતાની ખાલી પડતી બેઠકો સમિતિને સુપ્રત કરવાનું શરૂ કરી દીધું છે.

રાજ્યમાં ૧૪૭ જેટલી ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોમાં ૬૬૭૧૫ જેટલી બેઠકો અસ્તિત્વમાં છે. જેમાં ૩૧ સરકારી અને ૫ ગ્રાન્ટેડ ડિપ્લોમા કોલેજોને બાદ કરતાં બાકીની તમામ સ્વનિર્ભર કોલેજો છે. ગતવર્ષે થયેલા પ્રવેશ પ્રક્રિયામાં ડિપ્લોમા ઈજનેરીની ૨૬ હજાર જેટલી બેઠકો ખાલી પડી હતી. સમગ્ર દેશમાં આ પ્રકારની સ્થિતિ હોવાના કારણે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) દ્વારા થોડા સમય પહેલા જ એવી સ્પષ્ટતા કરી હતી કે જે કોલેજોની ૩૦ ટકા બેઠકો પણ ભરાતી ન હોય તેવી કોલેજોને બંધ કરવામાં આવશે. ગુજરાતમાં ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે ત્યારે અનેક કોલેજોએ પોતાની ખાલી પડતી બેઠકો પ્રવેશ સમિતિને સુપ્રત કરવાનું પણ શરૂ કરી દીધુ છે. અત્યાર સુધીમાં અંદાજે ૧૯ સ્વનિર્ભર કોલેજોએ પોતાની ૧૫૦૦થી વધારે બેઠકો પરત કરી દીધી છે. એટલે કે કોઈ કોલેજમાં કોઈ બ્રાન્ચમાં ૧૨૦ બેઠકો હોય તો ઘટાડીને ૬૦ કે ૩૦ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત અંબાવ, રાજકોટની બે કોલેજોએ ડિપ્લોમા કોર્ષ બંધ કરવા દરખાસ્ત કરી દીધી છે.

જયારે જામનગરની કનકેશ્વરી ડિપ્લોમા કોલેજને કાઉન્સિલ અને જીટીયુ દ્વારા બંધ કરવા આદેશ કરાયો છે. આમ, કુલ ત્રણ કોલેજો બંધ થશે. જયારે ખેડાની સરકારી પોલીટેકનિક અને વ્યારાની પોલિટેકનિકની ૬૦ બેઠકોમાં ઘટાડો કરીને ૩૦ કરી દેવામાં આવી છે. પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા આગામી દિવસોમાં હજુ વધારે કોલેજો પોતાની બેઠકો પ્રવેશ સમિતિને સુપ્રત કરે તેવી શકયતા છે.

# તબીબો કે તબીબી શિક્ષકોને ૬૫ વર્ષ સુધી કરાર આધારિત નિમણૂક આપવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય સરકારે નિષ્ણાત તબીબોની તીવ્ર તંગીને નિવારવા માટે તાજેતરમાં તબીબો અને તબીબી શિક્ષકોની નિવૃત્તિ વય-મર્યાદા ૫૮ વર્ષને બદલે, ૬૨ વર્ષ કરી હતી. આમ છતાં તબીબોની તંગીમાં ખાસ્સો ફેર ન પડતાં રાજ્ય સરકારે હવે, ૬૨ વર્ષની નિવૃત્તિ વય મર્યાદા પૂરી કર્યા બાદ આ તબીબો કે તબીબી શિક્ષકોને ૬૫ વર્ષ સુધી કરાર આધારિત નિમણૂક આપવાનો નિર્ણય કર્યો છે.

આ માટે સરકારે કેટલીક શરતો પણ નક્કી કરી છે. જે મુજબ, આરોગ્ય વિભાગની તબીબી સેવા, તબીબી શિક્ષણ અને જાહેર આરોગ્ય વિભાગ હસ્તકના વર્ગ-૧ તથા વર્ગ-૨ના તબીબી શિક્ષકો કે તબીબોએ તેમની ૬૨ વર્ષે થનારી વય-નિવૃત્તિ પહેલાં ૬૫ વર્ષની વય સુધી કરાર આધારિત ફરજ નિભાવવા માટેની સંમતિ આપવી પડશે. એમાં એવી સ્પષ્ટતા કરી છે કે, જ્યાં સુધી જે તે જગ્યા માટે સીધી ભરતીથી કે બઢતીથી કોઈ તબીબ કે તબીબી શિક્ષક ન મળે ત્યાં સુધી આ કરાર આધારિત નિમણૂક માન્ય રખાશે.

રાજ્ય સરકારે આ નિર્ણય લેતા એવું પણ જાહેર કર્યુ છે કે, તબીબોની નિયમિત ભરતી કે બઢતી પ્રક્રિયા બાદ આ નીતિની સરકાર પુનઃ સમીક્ષા પણ કરી શકશે. નોંધનીય એ છે કે, રાજ્યમાં ડોક્ટરોની તંગીના કારણે સરકાર દ્વારા ડોક્ટરોની કરાર આધારિત નિમણૂક કરી રહી છે પરંતુ તેમાં કોઈ વહીવટી જગ્યા ઉપર આવી કોઈ કરાર આધારિત નિમણૂક કરવાની નથી એટલે કે, ડોક્ટરો કે તેમના શિક્ષકો સિવાય અન્ય કોઈ વહીવટી જગ્યાએ આવી નિમણૂક ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું પડશે.

### શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી દ્વારા

# લોક કલ્યાણ અર્થે કર્ણાટકમાં શ્રી રવિશંકરજીની મુલાકાત



લોક કલ્યાણ અર્થે કર્ણાટકમાં વિચરણ કરતા શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે શ્રી રવિશંકરની મુલાકાત કરી અને ચર્ચામાં જણાવ્યું હતું કે વિશ્વ શાંતિ માટે વૈદિક સંસ્કૃતિએ જે રાહ ચિંધ્યો છે તે માર્ગે આપણે સાથે મળીને રચનાત્મક કાર્યો કરીએ તો લાંબે ગાળે ફળની પ્રાપ્તિ થશે જ.

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા

# ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનાં પરીણામની તારીખ નક્કી કરવા માટે આજે પરીક્ષા સમિતિની બેઠક

## ધો.૧૦ની માર્કશીટ તૈયાર થઈ ગઈ હોઈ હવે પરિણામ જાહેર કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાના પરિણામ ટૂંક સમયમાં જાહેર થનાર છે ત્યારે પરિણામની તારીખ નક્કી કરવા માટે ૨૩મીએ પરીક્ષા સમિતિની બેઠક મળશે. જેમાં ધો.૧૦ના પરિણામની તારીખ નક્કી કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ધો.૧૦ની માર્કશીટ તૈયાર થઈ ગઈ હોઈ હવે પરિણામ જાહેર કરવામાં આવશે. આ સાથે ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામ અંગે પણ ચર્ચા થશે. શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા બાદ ૧૦ મેના રોજ ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. હવે બાકીના બે પરિણામો જાહેર કરવાની તૈયારી બોર્ડે શરૂ કરી છે. જેમાં આ માસના અંત સુધીમાં બંને પરિણામ જાહેર કરવાનું નક્કી કરાયું હતું. દરમિયાન હવે બોર્ડ દ્વારા ધો.૧૦નું પરિણામ જાહેર કરવામાં આવનાર છે. જોકે, પરિણામની તારીખને લઈ છેલ્લા કેટલાક સમયથી અફવાઓનો દોર ચાલી રહ્યો છે. દરમિયાન બોર્ડ દ્વારા ૨૩ મેના રોજ પરીક્ષા સમિતિની બેઠક બોલાવી છે. આ બેઠકમાં ધો.૧૦ના પરિણામની તારીખ નક્કી કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. પરિણામ પત્રક તૈયાર થયા બાદ પરિણામ જાહેર કરવામાં આવતું હોવાથી ૨૩મીએ ધો.૧૦ના પરિણામની તારીખ જાહેર કરાશે. આ બેઠકમાં ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામને લઈને પણ ચર્ચા થશે અને સંભવતઃ આ જ બેઠકમાં ધો.૧૨ના પરિણામની તારીખ પણ નક્કી કરી દેવાય તેવી શક્યતાઓ સૂત્રોએ વ્યક્ત કરી છે.

# શુક્રવારે પદ્મિની એકાદશી ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૨

અત્યારે અધિક-પુરુષોત્તમ માસ ચાલી રહ્યો છે ત્યારે તા.૨૫મી મેના રોજ અધિક જેઠ સુદ એકાદશી છે. જેને પદ્મિની એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ વ્રત કરશે અને દાન-પુણ્ય અને ભગવાન વિષ્ણુનું સ્મરણ કરશે. સ્તોત્ર પાઠ પણ કરશે. મંદિરોમાં પણ કીર્તન-ઓચ્છવનું આયોજન થશે. આ અંગે સાધુ પ્રેમવત્સલદાસજીએ જણાવ્યું કે અધિક જેઠ સુદ એકાદશીને પદ્મિની એકાદશી કહેવાય છે. ભગવાન પદ્મનાભના લોકની પ્રાપ્તિ થાય છે. આ એકાદશીનું વ્રત પાપનો નાશ કરનારી છે. આ પદ્મિની એકાદશીનું ઉત્તમ વ્રત બ્રહ્માજીએ નારદજીને કહ્યું હતું અને પછી શ્રીકૃષ્ણ ભગવાને યુધિષ્ઠિરને કહ્યું હતું. આ દિવસે અસત્યનો ત્યાગ કરો, કોઈની નિંદા કરવી નહીં અને સત્શાસ્ત્રોનું પઠન-શ્રવણ કરવું જોઈએ. આ એકાદશી નિર્જળા કરવામાં આવે તો ઉત્તમ કહેવાય છે, પરંતુ જો કોઈ શારીરિક દષ્ટિએ ન કરી શકે તો જળપાન કે દુગ્ધાહારથી પણ આ એકાદશીનું વ્રત કરે છે. અન્નનો સદંતર ત્યાગ કરવો. આ એકાદશીનું વ્રત કરનારાની કીર્તિ સર્વત્ર ફેલાય છે અને વ્રત-વિધિનું શ્રવણ કરવાથી પણ અધિક પુણ્યફળની પ્રાપ્તિ થાય છે. ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે કે, અમારા જે આશ્રિત હોય તેમણે એકાદશીનું વ્રત કરવું. જે કોઈ વ્યક્તિ આ એકાદશીનાં જે વિધિ-નિષેધ કહ્યાં છે, તે પ્રમાણે વર્તે છે, તે આલોક અને પરલોકમાં સુખી થાય છે. સ્વામિનારાયણ મંદિર-કુમકુમ, મણિનગર ખાતે મહંત આનંદપ્રિયદાસજીની નિશ્રામાં સવારે ૭થી ૮ વાગ્યે અબજીબાપાની વાતોનું પઠન કરવામાં આવશે અને સાંજે ૭ વાગ્યે કીર્તન-ઓચ્છવ અને સંધ્યા આરતીનું આયોજન થશે.

# વર્લ્ડ ટેરો દિવસે અમદાવાદના નાગરિકો માટે ટેરો રીડીંગ કરાશે

## ૨૫ મેને વર્લ્ડ ટેરો ડે તરીકે દુનિયાભરમાં સેલિબ્રેટ કરવામાં આવે છે

ગાંધીનગર, તા. ૨૨

૨૫ મેને વર્લ્ડ ટેરો ડેને દુનિયાભરમા સેલિબ્રેટ કરવામાં આવે છે. આ દિવસ ને ધ્યાનમાં રાખીને ગુજરાતના જાણીતા ટેરો કાર્ડ રીડર શ્વેતા ખત્રી એ ગયા વર્ષે આ દિવસ ને ખુબજ સારી રીતે પોતાની ટેરો રીડર્સ ની ટીમ સાથે સેલિબ્રેટ કર્યો હતો અને તેમણે સતત ૧૨ કલાક ૨૫૦ થી વધુ લોકોનું ટેરો રીડ કરીને ઈન્ડીયન લેવેલ પર રેકોર્ડ કર્યો હતો.

આ ઈવેન્ટનું દિપ પ્રાગટય જાણીતાં આરજે મેઘા અને ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા કરવામાં આવશે. આ વર્ષે પણ તેઓ ટેરો કાર્ડ ના માધ્યમ થી અમદાવાદ ના લોકો માર્ગદર્શન મેળવી શકશે, અને પોતાના જીવનની સમસ્યાઓ નું સમાધાન મેળવી શકશે.

આ વર્લ્ડ ટેરો ડે નિમિતે શ્વેતા ખત્રી સાથે ટ્રેઈન થયેલા ગાંધીનગરથી પ્રીતિ ગડકરી, બરોડાથી જુગલ શાહ અને અમદાવાદ થી અપૂર્વ શાહ અને મૈત્રેય દેસાઈ ટેરો રીડર્સ આ ઈવેન્ટ મા લોકો નું ટેરો કાર્ડ રીડીંગ કરશે. સાથે આ વખતે ટેરો કાર્ડની અવેરનેસ માટે તેમની સાથે ટેરો રીડર દીપા જોશી, હાર્દી લુહાર અને મિત દવે પણ જોડાવાના છે.

આ ૨૫ મે વર્લ્ડ ટેરો ડે ની ઈવેન્ટ અમદાવાદમા વિજય ચાર રસ્તા પાસે આવેલા ઓલ ધી પર્કસ કાફે મા થવા જઈ રહી છે જેનો સમય સાંજે ૫ વાગ્યા થી રાત્રે ૧૧ વાગ્યા સુધી રેહશે. જેમાં તમે પોતાના પ્રશ્નો ના ઉકેલ મેળવી શકશો.

# પદ્મશ્રી ડૉ. એચ. એલ. ત્રિવેદીની આત્મકથાનું વિમોચન કરાયું

## ડૉ. ત્રિવેદી ૧૯૮૦ના દાયકામાં તેઓ વિદેશમાં ધિકતી પ્રેક્ટિસ છોડી ભારત પરત આવ્યા હતા અને અમદાવાદમાં કિડની ઈન્સ્ટિટ્યૂટનો પાયો નાખ્યો હતો

ગાંધીનગર, તા. ૨૨

પદ્મશ્રી ડૉ. એચ. એલ. ત્રિવેદીની આત્મકથા 'પુરૂષાર્થ પોતાનો : પ્રસાદ પ્રભુનો' પુસ્તકનું રવિવારે વિમોચન થયું હતું. ભાવનગર યશવંતરાય નાટ્યગૃહ ખાતે લોકાર્પણ સમારંભ તથા પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. નાદુરુસ્ત તબિયતના કારણે ડૉ. એચ.એલ.ત્રિવેદી કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શક્યા નહોતા. તેમના સ્થાને અમદાવાદ કિડની હોસ્પિટલના રેસિડન્ટ મેડિકલ ઓફિસર (આરએમઓ) ડૉ. વિરેન ત્રિવેદી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં સદભાવના હોસ્પિટલ ટ્રસ્ટ, વડલી અને કળસારના ડૉ. કનુભાઈ કળસરીયા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતાં.

હળવદ તાલુકાના એક નાનકડા ગામ ચરાડવામાં જન્મેલા ડૉ. એચ. એલ. ત્રિવેદીએ આરોગ્ય ક્ષેત્રે જે સંશોધનો કર્યા છે તે પશ્ચિમના દેશોના ડૉક્ટરોને સમજવામાં હજુ એક દાયકા કરતા વધારે સમય લાગી શકે છે. ડૉ. ત્રિવેદી દેશમાંથી વિદેશ જવાની મહત્વાકાંક્ષા સેવી કેનેડા ગયા હતા અને ત્યાંની હોસ્પિટલમાં ડૉક્ટર તરીકેની અદભુત સેવાઓ આપી હતી. તેઓ વિદેશની ધરતી પર તો ગયા, પણ તેમના હૃદયમાં હંમેશા ભારતના દર્દીઓની સેવાનો સંકલ્પ રહ્યો હતો. ૧૯૮૦ના દાયકામાં તેઓ વિદેશમાં ધિકતી પ્રેક્ટિસ છોડી ભારત પરત આવ્યા હતા અને અમદાવાદમાં કિડની ઈન્સ્ટિટ્યૂટનો પાયો નાખ્યો હતો. કોઈ વિચારી પણ નહોંતું શકતું તે સમયે ડૉ. એચ.એલ.ત્રિવેદીએ ભારતમાં કિડની ટ્રાન્સપ્લાન્ટની શરૂઆત કરી હતી.

# દુનિયાના સૌથી ધનિક ૧૦ દેશોમાં ભારત છઠ્ઠા ક્રમે

ગાંધીનગર, તા. ૨૨

દુનિયાના સૌથી ધનિક ૧૦ દેશોમાં ભારત છઠ્ઠા ક્રમે પહોંચ્યો છે. ભારતની સંપત્તિ ૮,૨૩૦ અબજ ડોલર રહી છે. જોકે, ગત વર્ષની સરખામણીએ તેના ક્રમમાં એક આંકનો સુધારો થયો છે. હાલમાં આ યાદીમાં અમેરિકા ૬૨,૫૮૪ અબજ ડોલરની સંપત્તિ સાથે ટોચ પર રહ્યું છે. 'એએફઆરએશિયા બેન્ક વૈશ્વિક સંપત્તિ પલાયન સમીક્ષા' રિપોર્ટમાં આ રેન્કિંગ અપાયા છે. ભારતીયોની ખાનગી સંપત્તિ ૨૦૧૬થી ૨૦૧૭ની વચ્ચે ૨૫ ટકા વધી છે. આ યાદીમાં ૨૪,૮૦૩ અબજ ડોલરની સંપત્તિ સાથે ચીન બીજા ક્રમે છે તો જાપાન ૧૯,૫૨૨ અબજ ડોલર સાથે ત્રીજા સ્થાને રહ્યું છે.

બેન્કની સમીક્ષામાં કોઈ પણ દેશના દરેક વ્યક્તિની કુલ ખાનગી સંપત્તિને આધાર માનવામાં આવે છે. ટોચના ૧૦ દેશોમાં સામેલ બ્રિટનની કુલ સંપત્તિ ૯,૯૧૯ અબજ ડોલર છે. જર્મની ૯,૬૬૦ અબજ ડોલર સાથે એ પછીના ક્રમે છે. ઓસ્ટ્રેલિયાની કુલ સંપત્તિ ૬,૧૪૨ અબજ ડોલર આંકવામા આવી છે અને કેનેડાની કુલ સંપત્તિ ૬,૩૯૩ અબજ ડોલર છે. ફ્રાંસની સંપત્તિ ૬,૬૪૯ અબજ ડોલર રહી છે તો આ યાદીમાં ૧૦ ક્રમે રહેલા ઈટાલીની સંપત્તિ ૪,૨૭૯ અબજ ડોલર થઈ છે.

# ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સના અભ્યાસક્રમને વિદ્યાર્થીઓ નથી મળતા

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતની એક માત્ર સરકારી કોલેજમાં ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સનો અભ્યાસક્રમ ચાલે છે. આ અભ્યાસક્રમ માટે સિવિલ હોસ્પિટલ સ્થિત સરકારી કોલેજમાં ૧૦ બેઠકો મંજૂર કરેલી છે. જોકે, પરિસ્થિતિ એવી છે કે, મંજૂર થયેલી બેઠકો પૂરેપૂરી ભરાતી નથી. ગયા વર્ષે માત્ર તે પૈકી ચાર બેઠકો ભરાઈ હતી. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીને આ કોર્સમાં પ્રવેશ મળી શકે છે. ખૂબ નજીવી ફીમાં આ કોર્સ થઈ શકે છે તેમ છતાં આ કોર્સ માટે વિદ્યાર્થીઓ નહીં મળવાને કારણે સરકારી કોલેજમાં ચાલતા આ કોર્સ સામે મુશ્કેલી ઊભી થઈ છે..

ખાસ કરીને ગંભીર બીમારી અથવા કોઈ અકસ્માતના કારણે દર્દીનો હાથ અથવા પગ ઈમ્પ્યૂટ (કાપવો) પડે એવી સ્થિતિ સર્જાય ત્યારે ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સમાં નિષ્ણાત વ્યક્તિ દર્દી માટે કૃત્રિમ અંગ બનાવી શકે છે. આ કૃત્રિમ અંગો બનાવવા માટેનું સાયન્સ આ કોર્સમાં શીખવવામાં આવે છે. એક સર્વે મુજબ ભારતમાં સૌથી વધુ રોડ અકસ્માત થતા હોવાનું તારણ છે. રોડ અકસ્માતના કારણે સંખ્યાબંધ લોકો પોતાના અંગો ગુમાવી બેસે છે. એક વખત હાથ અથવા પગ ગુમાવ્યા હોય પછી જે તે વ્યક્તિએ આજીવન અન્ય વ્યક્તિ ઉપર નિર્ભર રહેવું પડતું હોય છે.

આવી વ્યક્તિને કૃત્રિમ અંગો બનાવી આપવામાં આવે તો વ્યક્તિ સ્વાવલંબી બની શકે છે અને જાતે પોતાનું કામ કરવામાં સક્ષમ થઈ શકે છે. આ અંગે સરકારી કોલેજના પ્રિન્સિપાલપદ પરથી સેવા નિવૃત થયા બાદ પુનઃ સેવા આપી રહેલા વિજય નિગમે કહ્યું કે, ગુજરાતમાં એક માત્ર ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સનો કોર્સ ચલાવતી આ એક માત્ર સરકારી કોલેજ છે. આ કોર્સનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી માટે ઉજ્જવળ ભવિષ્ય છે. તેમ છતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઓછી જાગૃતિ હોવાના કારણે બેઠકો ભરાતી નથી. ગયા વર્ષે કુલ ૧૦ બેઠકમાંથી માત્ર ચાર બેઠકો ભરાઈ હતી. સરકારી કોલેજ હોવાના કારણે કોર્સની ફી અને હોસ્ટેલ ખર્ચ ખૂબ નજીવો છે.

## જન્મદિને વધામણી



જયપ્રભાબેન બિપીનભાઈ ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨



નિસર્ગાબેન પી ત્રિવેદી
મો. ૯૯૯૮૧ ૯૦૯૯૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# અંતરે રહીને પણ કોઈપણ જાતના અંતરાય વગર સંબંધોને ઉજાળીએ






(ગતાંકથી ચાલુ)

એકબીજાથી દૂર રહેતા સ્નેહીઓ વચ્ચે સંવાદ તો થાય એ જરૂરી છે પણ એ સંવાદમાં જો સર્જનાત્મકતા ઉમેરાય તો સોનામાં સુગંધ ભળે. સંવાદમાં સર્જનાત્મકતા હોય તો બંનેની રોજીંદી વાતચીત કંટાળાજનક ના બને અને વાતોમાં તાજગી અનુભવાય પરિણામે સંબંધો પણ તાજગી ભર્યા રહે.

એકબીજાથી દૂર રહેતા સ્નેહીજનો પોતાના સંબંધો નિભાવવા માટે ક્યારેક ક્યારેક, પ્રસંગોપાત રૂબરૂ મળતાં પણ રહે છે. તેઓ મળવા માટે ખાસ આગોતરા આયોજનો કરે છે. બંને મળે છે ત્યારે ઉષ્માપૂર્વક મળે છે. એ સમયે બંને રોમાંચિત થાય છે અને જેટલો સમય મળ્યો હોય એ સમયને પૂરા દિલથી માણે છે. બંને એકબીજાને પૂરતો સમય આપીને મળે છે, એકબીજા માટે ખાસ સમય કાઢીને મળે છે ત્યારે સંબંધો ગાઢ બને છે અને બંને વ્યક્તિ સંતોષ અનુભવે છે. મળ્યા પછી બંને છૂટા પડે છે ત્યારે એક પ્રકારની તાજગી અનુભવે છે અને એ મિલનનું સુખદ સંભારણું લઈને જાય છે. બંનેના મિલન સમયની સુખદ પળોની સ્મૃતિઓને તેઓ ત્યાર પછીના સમયમાં વગોળ્યા કરે છે અને આનંદ અનુભવે છે.

એકબીજાથી દૂર રહીને પણ એકબીજાના જીવનના કેટલાક ખાસ પ્રસંગો ઉજવી શકાય છે. જન્મદિન, લગ્ન સંવત્સરી, બંનેમાંથી કોઈ એક ને મળેલી નાનીમોટી સિધ્ધિઓની ઉજવણી કરી શકાય છે. આમ કરવાથી બંનેની નિકટતા વધે છે અને દૂર રહેલી વ્યક્તિ સતત પોતાની સાથે છે, પોતાના સુખ અને દૂઃખમાં ભાગીદાર છે એવી લાગણી થાય છે.

બે સ્નેહીજનો એકબીજાથી દૂર રહે છે એટલે બંને વચ્ચે ગેરસમજણ થવાની શક્યતાઓ વધી જાય છે. તેમાએ બંનેના સંબંધો વચ્ચે જ્યારે ત્રીજી કે ત્રાહિત વ્યક્તિ દરમિયાનગીરી કરે છે ત્યારે એ ગેરસમજણની પરિસ્થિતી વણસવાની શકયતાઓ વધારે રહે છે. બંને વચ્ચે ગેરસમજણ ના થાય એટલા માટે બંનેએ એકબીજા પ્રત્યેની અપેક્ષાઓ સ્પષ્ટ કરી દેવી જરૂરી બને છે. ક્યારેક, સંજોગવશાત ક્યારેક ગેરસમજણ થાય તો તરત જ સ્પષ્ટતા થઈ જાય એ વધારે હિતાવહ છે કારણ કે એક ગેરસમજણ બીજી ગેરસમજણ ઊભી કરે છે, બીજી ગેરસમજણ ત્રીજી ને ચોથી આમ ગેરસમજણની હારમાળા રચાય છે. આમ દૂર રહીને સંબંધોમાં ગેરસમજણ ના થાય તેની તકેદારી રાખીએ તો કોઈપણ પ્રકારની અડચણ વિના ખળખળ કરતાં ઝરણા જેવા સંબંધો વહેતા રહે.

બે સ્નેહીજનો જ્યારે સાથે હોય છે ત્યારે ઘણીવાર એકબીજાથી રિસામણા થતાં રહે છે સાથે હોય તો રિસાયેલા તો સ્નેહીજનને મનાવવું સહેલું રહે છે અને રિસાયેલી વ્યક્તિ પ્રયત્ન કરવાથી માની પણ જાય છે. બંને વ્યક્તિ સાથે હોય અને કદાચ જો રિસામણા લાંબો સમય ચાલે તો પણ સ્નેહીજનને મનાવવું મુશ્કેલ નથી બનતું. બંને જ્યારે એકબીજાથી દૂર હોય છે ત્યારે બંનેમાંથી એકની રિસાઈ જવાની શક્યતા પણ વધારે રહે છે. કોઈપણ એક રિસાઈ જાય ત્યારે શક્ય એટલી વહેલી તકે મનાવવા માટે પ્રયત્ન કરવા જરૂરી રહે છે. આવું ના થાય અને રિસામણા વધુ સમય ચાલે તો પછી વાત વણસી જવાની શક્યતાઓ વધી જાય છે અને તેમાથી બહાર નીકળવું અઘરું બની જાય છે.

દૂર રહેતા સ્નેહીજનો સાથે સંપર્ક અને સંવાદ જરૂરી છે પણ ક્યારેક વધુ પડતો સંપર્ક અને વધુ પડતો સંવાદ બંનેના સંબંધોમાં વિક્ષેપ કરી શકે છે. સંપર્ક અને સંવાદ એટલી હદે ના કરીએ કે વ્યક્તિ એ સપર્ક, સંવાદ અને આખરે એ સંબંધોથી જ કંટાળી જાય કે ઉબકે આવી જાય. સંપર્ક અને સંવાદમાં સંયમ ખૂબ જરૂરી છે.

આ બધા સંબંધોમાથી ઘણા સંબંધો માત્ર ઔપચારિક હોય છે. થોડા ખરેખર લાગણીના સંબંધો હોય છે તો થોડા ફરજિયાત રાખવા પડે એવા સંબંધો હોય છે. ઔપચારિક સંબંધોને સાચવવા પડે છે. નહિતર તૂટી જતાં કે બગાડતાં વાર નથી લગતી. જ્યારે લાગણીના સંબંધોમાં વ્યવહાર અલગ જ હોય છે. તેઓ એકબીજાની તકલીફ, અગવડ સગવડ સમજે છે. સારા અને ખાસ કરીન ખરાબ સમયે સાથ સહકાર અને સમય આપે છે.

આ બધાની વચ્ચે કેટલાક અલબત બહુ જૂજ સંબંધો એવા હોય છે જેમાં વ્યક્તિની સાથે, વ્યક્તિની સમક્ષ ન હોવા છતાં પણ દિલમાં વસેલા હોય છે. તેને અંતરંગ સંબંધો પણ કહી શકાય. જેમાં વ્યક્તિ દૂર રહીને પણ હંમેશા અંતરમાં રહે છે. હંમેશા સાથે જ હોય એવી અનુભતી થાય છે. આ પ્રકારની વ્યક્તિ ના તો ક્યારેય કોઈ અપેક્ષા રાખે છે ના કોઈ બીજા સંબંધને લઈને તેના દિલમાં ઈર્ષા રાખે છે કે ના બીજા કોઈ સંબંધમાં અડચણ પેદા કરવાની કોશિશ કરે છે. બંને વચ્ચે ભૌતિક અંતર ઘણું હોવા છતાં આત્મીય અંતર જરા પણ નથી હોતું. તેઓની વચ્ચે લાગણીનું ઝરણું અવિરત વહ્યા કરે છે.

કોઈપણ સંબંધ તે પતિ પત્ની હોય, મિત્રો હોય, ભાઈ બહેન કે પિતા પુત્ર કે ગમે તે હોય તે એક છોડ જેવા હોય છે. તેની જેટલી માવજત કરવામાં આવે તેટલો જ ફુલે ફાલે છે પરંતુ અંતરંગ સંબંધમાં એની કોઈ જ જરૂર નથી તેઓ લાગણી સ્નેહ દુવા અને દિલની સચ્ચાઈથી હંમેશા પોતાની પ્રિય વ્યક્તિના દિલના બગીચાને સુગંધિત, પલ્લવિત રાખે છે. તે દરિયાના પેટાળમાં ઉત્પન્ન થતાં મોતીની જેમ છીપની જેમ અંદર સુરક્ષિત હોય છે. સુંદર હોય છે. આવા સંબંધો દુનિયામાં ખાસ હોય છે. હવાની લહેર સાથે જેનો એહસાસ થાય છે જેની અનુભૂતિ અને આનંદ અકલ્પ્ય, અવર્ણનીય અદભૂત હોય છે. આવા સંબંધોનું તો ઘણીવાર નામ પણ નથી હોતું. એક અલગ સંવિધાન હોય છે. બસ એક આત્મીય અનુસંધાન .

આમ આપના સંબંધીઓથી આપણે અંતરે રહીએ છતાં કોઈપણ જાતના અંતરાય વગર, આપના સંબંધોને ઉજાળતા રહીએ.